# PRESS NOTE

# પેરોલ ફર્લો સ્કર્વોડ
# રાજકોટ શહેર

**સુરેંદ્રનગર જીલ્લાના ચોટીલા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુન્હામાં છેલ્લા આઠ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી રાજકોટ શહેર પેરોલ ફર્લો સ્કર્વોડ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર સાહેબ તથા, અધિક પોલીસ કમિશ્નર સાહેબ તથા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) સાહેબ તથા, મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) સાહેબ રાજકોટ નાઓ એ રાજકોટ શહેર તેમજ ગુજરાત રાજયના નાસતા ફરતા તથા પેરોલ જમ્પ આરોપીઓને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ હોય,

જે સુચના અન્વયે અમો પો.સબ.ઈન્સ. બી.જે.કડછા તથા પેરોલ ફર્લો સ્કર્વોડ ની ટીમના માણસો સતત પ્રયત્નશીલ હતા. તે દરમ્યાન અમારી ટીમની હકિકત આધારે રાજકોટ શહેર મોરબી રોડ મોમાઈ હોટલ પાસે પિતૃકૃપા સોસા. ની છેલ્લી શેરી પાસેથી સુરેંદ્રનગર જીલ્લો ચોટીલા પો.સ્ટે ગુ.ર.નંબર-III/5139/2015 પ્રોહી કલમ-૬૬બી,૬૫એઇ,૧૧૬બી,૮૧ મુજબના કામનો નાસતો ફરતો નીચે જણાવેલ આરોપીને સી.આર.પી.સી. કલમ-૪૧(૧) આઇ. મુજબ અટક કરી આરોપીને આગળની તપાસ માટે સુરેંદ્રનગર જીલ્લો ચોટીલા પો.સ્ટે નાઓને સોંપવા તજવીજ કરેલ છે.



**આરોપીનુ નામ સરનામુ-**

પ્રફુલ વાલભાઈ મઢવી ઉ.વ.૫૧
રહે, મોરબી રોડ હડાળા ગામપાસે પિતૃ કૃપા સોસા. શેરી નં-૧ રાજકોટ

**આરોપીનો ગુનાહિત ઈતિહાસ :-**

(૧) રાજકોટ શહેર બીડીવીઝન પો.સ્ટે. પ્રોહિ.ગુ.ર.નં.૦૨૦૬/૨૦૧૪ પ્રોહિ.કલમ ૬૬(૧)બી,૬૫એઈ, મુજબ.

(૨) રાજકોટ શહેર કુવાડવા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૩૭૨૦૧૫૦૮/૨૦૨૦ પ્રોહિ કલમ-૬૫ઈ,૧૧૬(બી) ૯૮(૨),૮૧ મુજબ.

(૩) જામનગર જીલ્લો જોડીયા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૨૦૨૫૨૦૦૦૭૯/૨૦૨૦ પ્રોહિ કલમ-૬૫ઈ,૧૧૬(બી) ૯૮(૨), ૮૧ મુજબ.

**આરોપીને અટક કરવાના બાકી ગુન્હા :**

સુરેંદ્રનગર જીલ્લો ચોટીલા પો.સ્ટે ગુ.ર.નંબર-III/5139/2015 પ્રોહી કલમ-૬૬બી,૬૫એઇ,૧૧૬બી,૮૧ મુજબ

તા.૧૭/૧૧/૨૦૨૩

# RAJKOT CITY A DIVISION POLICE STATION

## આઇ-વે પ્રોજેક્ટ C.C.T.V કેમેરાની બેટરી ચોરી કરનાર ઈસમોને મુદ્દામાલ સાથે પકડી પાડતી એ ડીવીઝન પોલીસ

*રાજકોટ શહેર મ્હે.પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ સાહેબ તથા મ્હે.અધીક પોલીસ કમિશ્નર વિધી ચૌધરી સાહેબ તથા મ્હે.નાયબ પોલીસ કમિશ્નર સુધીરકુમાર દેસાઇ સાહેબ (ઝોન-૨) તથા મદદનીશ પોલીસ કમિશ્નર બી.જે.ચૌધરી સાહેબ (દક્ષીણ વિભાગ)* દ્વારા મિલ્કત સંબંધી ગુન્હા અટકાવવા તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ વાહનચોરી, મોબાઇલ ચોરી, ઘરફોડ ચોરી,ચીલઝડપ,લુંટ વિગેરે જેવા અનડીટિકટ ગુન્હોઓને શોધી કાઢવા અને વધુમાં વધુ અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે અન્વયે અમો પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એમ.હરીપરા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.હેડ.કોન્સ ધર્મેન્દ્રસિંહ ઝાલા તથા પો.કોન્સ દેવાંગભાઇ પાલા, સંજયભાઇ જાદવ એ.ડીવી.પોસ્ટે. મા નોંધાયેલ ગુના નં-૯૫૯/૨૩ તથા ગુના નં-૯૬૦/૨૩ ના કામે જે તે બનાવ વખતના સીસીટીવી ફુટેજ તથા હયુમન સોર્સીસ ના આધારે આરોપીઓની તપાસમા હતા તે દરમ્યાન પો.કોન્સ દેવાંગભાઇ પાલા,સંજયભાઇ જાદવ ને અંગત રાહે બાતમી મળેલ કે આ ગુનામા સંડોવાયેલ આરોપીઓ લીમડાચોક શાસ્ત્રીમેદાનમા ચોરીમા ગયેલ મુદામાલ સાથે તેમજ આ બનાવ મા ઉપયોગ મા લીધેલ ઓટોરીક્ષા સાથે હાજર છે જે બાતમી આધારે ત્યા શાસ્ત્રીમેદાનમા જઇ તપાસ કરતા ત્યા હાજર ઇસમો સીસીટીવીમાં જોવા મળતા ઇસમો હોય અને તેમની પાસે રહેલ બેટરી બાબતે સંતોષકારક જવાબ આપતા ન હોય તેમની યુકતી પ્રયુકિતથી પુછપરછ કરતા મજકુર ઇસમો ગઇ તા.૦૧/૧૧/૨૦૨૩ ના રોજ ત્રીકોણબાગ ચોક ખાતે ચોરી કરી હોવાનું કબુલાત આપતા હોય તથા તા.૦૭/૧૧/૨૦૨૩ જયુબેલી ચોક ખાતે થી ચોરી કરી હોવાનું કબુલાત આપતા હોય અને ચોરી કરેલ મુદામાલ હાજર હોય જે રીકવર કરી અનડીટિકટ ગુન્હો ડીટિકટ કરી મજકુર ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

❖ **પકડાયેલ આરોપી:-**

(૧) શનિ ઉર્ફે ચંગો રાજુભાઇ વઢવાણીયા ઉ.વ.૨૫ રહે.શાસ્ત્રીમેદાન ફુટપાથ રાજકોટ
(૨) દિપક ઉર્ફે બાઘો કિશનભાઇ સોલંકી ઉ.વ.૨૩ રહે.શાસ્ત્રીમેદાન ફુટપાથ રાજકોટ
(૩) મનોજ ઉર્ફે મુન્નો લાખાભાઇ વાળા ઉ.વ.૪૫ રહે.શીતળાધાર ૨૫ વારીયા રાજકોટ

❖ **ડીટિકટ કરેલ ગુન્હાઓ:-**

(૧) એ-ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૨૦૮૦૫૦૨૩૦૯૫૯/૨૦૨૩ આઇ.પી.સી કલમ.૩૭૯
(૨) એ-ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૨૦૮૦૫૦૨૩૦૯૬૦/૨૦૨૩ આઇ.પી.સી કલમ.૩૭૯

❖ **કબ્જે કરેલ મુદ્દામાલ:-**

❖ **એક બજાજ કંપનીની ઓટો રીક્ષા કિ.રૂ.૫૦,૦૦૦/-**

❖ **એક એકસાઇડ પાવરસેફની બેટરી કુલનંગ-૦૬ કિ.રૂ.૧૮,૦૦૦/-**

❖ **આમ કુલ મુદામાલ કિ.રૂ-૬૮,૦૦૦/-**

➤ **કામગીરી કરનાર અધીકારીશ્રી તથા કર્મચારીઓ-**

**પો.ઈન્સ ડી.એમ.હરીપરા તથા એ.એસ.આઇ એન.સી.ડાંગર તથા પો.હેડ.કોન્સ ધર્મેન્દ્રસિંહ ઝાલા, દેવાંગભાઇ પાલા,સંજયભાઇ જાદવ.**



**(ડી.એમ.હરીપરા)**
**પોલીસ ઈન્સ્પેકટર**
**એ-ડીવીઝન પોલીસ સ્ટેશન**
**રાજકોટ શહેર**

**તા.૧૭/૧૧/૨૦૨૩**

# LOCAL CRIME BRANCH
# ZONE-2
# RAJKOT CITY

## ઈ-ગુજકોપ પ્રોજકટમાં આરોપીનો ગુન્હાહીત ઈતીહાસ ચેક કરી, એલ.સી.બી. ઝોન-૨ દ્વારા તૈયાર કરવામાં આવેલ "પાસા" દરખાસ્ત મંજુર કરતા મ્હે, પોલીસ કમિશ્નર સાહેબ શ્રી

**પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા એડીશનલ પોલીસ કમિશનર શ્રી વીધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી સુધિરકુમાર દેસાઈ સાહેબ** ના ઓએ રાજકોટ શહેરમાં શરીર સબંધી ગુન્હાની ટેવવાળા ઈસમો ગુન્હો કરતા અચકાય અને ગુન્હાઓ ઉપર અંકુશ રહે તે સારૂ શરીર સંબંધી ગુન્હામાં પકડાયલે ઈસમો વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરવા અંગે સુચના થયેલ હોય જે સુચના અન્વયે અમો **પો.સબ.ઈન્સ. આર એચ ઝાલા** ના ઓ દ્વારા આવા ઈસમો વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મ્હે, પોલીસ કમિશ્નર સાહેબ શ્રી રાજકોટ શહેર તરફ મોકલી આપવામાં આવતા મ્હે, પોલીસ કમિશ્નર સાહેબ શ્રી રાજકોટ શહેર નાઓ દ્વારા સદરહુ પાસા દરખાસ્ત મંજુર કરી પાસા વોરંટ ઈસ્યુ કરતા મજકૂર ઈસમને પાસા વોરંટની બજવણી કરી પાસા તળે સુરત જેલ ખાતે મોકલી આપવા માટે તજવીજ કરવામાં આવેલ છે.

- પાસા અટકાયતી :-

પકેશભાઈ ઉર્ફે પંકુડી વિનુભાઈ સોલંકી ઉ.વ.૩૦ રહે-રૈયાધાર મફતીયાપરા ચારબાઈના મંદિર પાસે રાજકોટ



➢ **પાસા અટકાયતીનો ગુન્હાઈત પૂર્વ ઈતિહાસ :-**

(૧) ગાંધીગ્રામ-૨ પો.સ્ટે. ગુ.ર.નં. ૪૦૯૩/૨૦૨૧ પ્રોહી કલમ ૬૫(એ)(એ),૮૧ મુજબ

(૨) ગાંધીગ્રામ-૨ પો.સ્ટે. ગુ.ર.નં. ૯૫૧/૨૦૨૨ ઈ.પી.કો. કલમ ૩૨૬,૫૦૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ

(૩) ગાંધીગ્રામ-૨ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૫૨/૨૦૨૩ ઈ.પી.કો. કલમ ૩૨૩,૩૨૪,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા એટ્રોસીટી એક્ટની કલમ ૩(૧)R,૩(૨),૫-A મુજબ

(૪) ગાંધીગ્રામ-૨ પો.સ્ટે. ગુ.ર.નં. ૭૯૮/૨૦૨૩ ઈ.પી.કો. કલમ ૩૦૭,૩૨૬,૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ

➢ **આ કામગીરી કરનાર અધીકારીશ્રી તથા કર્મચારીઓ-**

**એલ.સી.બી. ઝોન-૨** ના પો.સબ.ઈન્સ આર.એચ.ઝાલા તથા પો.હેડ.કોન્સ. વીરેન્દ્રસિહ ઝાલા તથા મૌલિકભાઈ સાવલીયા તથા રાહુલભાઈ ગોહેલ તથા પો. કોન્સ. મનિષભાઈ સોઢીયા તથા જયપાલસિંહ સરવૈયા તથા ધર્મરાજસિંહ ઝાલા તથા અમિનભાઈ ભલુર

**પી.સી.બી. શાખા** ના પો.ઈન્સ. એન.બી.નકુમ તથા એ.એસ.આઈ. રાજુભાઈ દહેકવાલ, પો.કોન્સ રાહુલગીરી ગોસ્વામી વિગેરે.

તા.૧૯/૧૧/૨૦૨૩

(*આર એચ ઝાલા*)
પો.સબ.ઈન્સ.
એલ.સી.બી. ઝોન-૨
રાજકોટ શહેર.

# RAJKOT CITY A DIVISION POLICE STATION

## સુરત શહેરના કાપોદ્રા પોલીસ સ્ટેશનનો ઓટો રીક્ષા ચોરીનો અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરી આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી એ-ડીવીઝન પોલીસ

❖ મ્હે.પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ સાહેબ તથા મ્હે.અધીક પોલીસ કમિશ્નર વિધી ચૌધરી સાહેબ તથા મ્હે.નાયબ પોલીસ કમિશ્નર સુધીરકુમાર દેસાઇ સાહેબ (ઝોન-૨) તથા ઇ.ચા મદદનીશ પોલીસ કમિશ્નર વી.એમ.રબારી સાહેબ (દક્ષીણ વિભાગ) દ્વારા મિલ્કત સંબધી ગુન્હા અટકાવવા તેમજ પો.સ્ટે વિસ્તાર માં થયેલ વાહનચોરી,ઘરફોડ ચોરી,ચીલઝડપ,લુંટ વિગેરે જેવા અનડીટેકટ ગુન્હોઓને શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય જે અન્વયે અમો પો.ઇન્સ.ડી.એમ.હરિપરા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ.જી.એન.વાઘેલા ડી-સ્ટાફના કર્મચારીઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કોન્સ કેતનભાઇ બોરીચા તથા પો.કોન્સ હરપાલસિંહ જાડેજા નાઓની હકીકત આધારે રાજકોટ ઢેબર રોડ એસ.ટી બસસ્ટેન્ડ સામેથી એક ઇસમને શંકાસ્પદ ઓટો રીક્ષા સાથે પકડી પાડી સદરહુ ઓટો રીક્ષા ઇ-ગુજકોપ તથા પોકેટકોપ એપ્લીકેશનમાં સર્ચ કરતા રીક્ષા અન્યના નામે રજી.થયેલનું જણાય આવતા મજકુર ઇસમની યુક્તિ પ્રયુક્તિ થી પુછપરછ કરતા મજકુરે સદરહું ઓટોરીક્ષા આશરે વીસેક દિવસ પહેલા સુરત શહેરના કાપોદ્રા વિસ્તારમાંથી ચોરી કરી હોવાનું કબુલતા મજકુર ઇસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ કરેલ છે.

❖ **પકડાયેલ આરોપી:-**

(૧) મયુર કાંતીલાલ સોલંકી જાતે દેવીપુજક ઉ.વ.૪૦ ધંધો.મજુરી રહે.૧૫૦ ફુટ રીંગ રોડ રૈયા ધાર મારવાડી લતો આર.એમ.સી આવાસ યોજનાના કવાટર બ્લોકનં J-4 રાજકોટ શહેર.

❖ **ડીટેકટ કરેલ ગુન્હો:-**

કાપોદ્રા પોલીસ સ્ટેશન સુરત શહેર ગુરનં.૧૧૨૧૦૦૨૨૨૩૨૧૦૦/૨૩ આઇ.પી.સી ક.૩૭૯

❖ **કબ્જે કરેલ મુદ્દામાલ:-**

ઓટો રીક્ષા ચેસીસનં MD2A24AZXFWM06516 તથા એન્જીન નંબર 24ZWFM14748 કિ.રૂ.૫૫,૦૦૦/-

❖ **ગુન્હાહિત ઇતીહાસ:-**

- યુનિવર્સીટી પો.સ્ટે ગુ.ર.નં-૯૦/૧૬ પ્રોહી કલમ ૬૬(૧)બી ૮૫-૧-૩
- યુનિવર્સીટી પો.સ્ટે ગુ.ર.નં-૦૦૦૭/૧૮ પ્રોહી કલમ ૬૬(૧)બી ૮૫-૧-૩
- **કામગીરી કરનાર અધીકારીશ્રી તથા કર્મચારીઓ-**

પો.ઇન્સ ડી.એમ.હરિપરા તથા પો.સબ.ઇન્સ. જી.એન.વાઘેલા તથા એ.એસ.આઇ બી.વી.ગોહિલ તથા પો.કોન્સ કેતનભાઇ બોરીચા, ભગીરથસિંહ ઝાલા, હરપાલસિંહ જાડેજા તથા જગદીશભાઇ વાંક તથા હરવિજયસિંહ ગોહિલ.

તા.૧૯/૧૧/૨૦૨૩



# “એ” ડીવીઝન પોલીસ સ્ટેશન
# રાજકોટ શહેર

## રાજકોટ શહેરના અલગ-અલગ અરજદારશ્રીઓને સાયબર ફ્રોડ થી ગુમાવેલ કુલ રૂા.૨૨૭૪૭૭ પરત અપાવતી રાજકોટ શહેર “એ” ડીવીઝન પોલીસ સ્ટેશન સાયબર ટીમ

**રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા એડીશનલ પોલીસ કમીશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી સુધીરકુમાર દેસાઇ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર દક્ષીણ -વિભાગ શ્રી બી.જે.ચૌધરી સા.**નાઓએ સાયબર ક્રાઇમ દ્વારા જે અરજદારશ્રીઓએ સાયબર ફ્રોડ થી રૂપીયા ગુમાવેલ હોય તે પરત અપાવવા સુચના કરેલ હોય જેથી “એ” ડીવી.પો.સ્ટે.ના પો.ઇન્સ. ડી.એમ.હરીપરા સાહેબના માર્ગદર્શન હેઠળ “એ” ડીવીઝન પોલીસ સ્ટેશન સાયબરસેલ ટીમના પો.હે.કોન્સ. જયેન્દ્રસિંહ મદારસિંહ ઝાલા તથા પો.કોન્સ અમીતકુમાર ખીમજીભાઇ નાઓ દ્વારા અરજદારશ્રી ઓને સાયબર ફ્રોડ થી ગુમાવેલ રૂપીયા પરત અપાવવામા આવે છે. જે નીચે મુજબ છે.

- **અરજદારશ્રીઓ ની વિગત:-**

| અનુ | અરજદારશ્રીનુ નામ | ઓનલાઇન સાયબર ફ્રોડમા ગયેલ પરત અપાવેલ રકમ |
|---|---|---|
| 1. | હાર્દીક ભાસ્કરભાઇ રાવલ | ૩૦૦૦૦ |
| 2. | પ્રવિણભાઇ ભાણાભાઇ રાઠોડ | ૩૩૧૬૮ |
| 3. | તુષારભાઇ કુદંનલાલ પતીરા | ૪૦૦૦૦ |
| 4. | જતીન વિમલભાઇ ઠાકર | ૩૦૦૦૦ |
| 5. | જીત દીનેશભાઇ સખીયા | ૪૪૯૩૬ |
| 6. | ગૌરવ મનસુખલાલ લોઢીયા | ૬૭૯૫ |
| 7. | તેજસ હીતેશભાઇ પડીયા | ૧૮૯૦૧ |
| 8. | ચીરાગ દીનેશભાઇ ભાયાણી | ૧૦૧૭૭ |
| 9. | વાસુ ભાવેશભાઇ પાટડીયા | ૯૦૦૦ |
| 10. | દક્ષ ધીરજલાલ વાઘેલા | ૪૫૦૦ |

- **આમ ઓનલાઇન ફ્રોડથી અરજદારશ્રીઓએ ગુમાવેલ કુલ રૂા.૨૨૭૪૭૭/- પરત અપાવવામા આવેલ છે.**
- **કામગીરી કરનાર અધિકારીશ્રી તથા કર્મચારીશ્રીઓ:-**

**પોલીસ ઇન્સ્પેકટર શ્રી ડી.એમ.હરીપરા તથા પો.હેડ કોન્સ જયેંન્દ્રસિંહ મદારસિંહ ઝાલા તથા પો.કોન્સ અમિતકુમાર ખીમજીભાઇ “એ” ડીવીજન પોલીસ સ્ટેશન રાજકોટ શહેર.**

**તા.૨૧/૧૧/૨૦૨૩**

(ડી.એમ.હરીપરા)
પોલીસ ઇન્સ્પેકટર
“એ” ડીવીઝન પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

# RAJKOT CITY A DIVISION POLICE STATION

## ચોરીથી મેળવેલ ત્રણ મોબાઇલ ફોન સાથે બે-ઇસમોને પકડી પાડતી એ-ડીવીઝન પોલીસ

❖ *મ્હે.પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ સાહેબ તથા મ્હે.અધીક પોલીસ કમિશ્નર વિધી ચૌધરી સાહેબ તથા મ્હે.નાયબ પોલીસ કમિશ્નર સુધીરકુમાર દેસાઇ સાહેબ (ઝોન-૨) તથા ઇ.ચા મદદનીશ પોલીસ કમિશ્નર વી.એમ.રબારી સાહેબ (દક્ષીણ વિભાગ)* દ્વારા મિલ્કત સંબધી ગુન્હા અટકાવવા તેમજ પો.સ્ટે વિસ્તાર માં થયેલ વાહનચોરી,ઘરફોડ ચોરી,ચીલઝડપ,લુંટ વિગેરે જેવા અનડીટેકટ ગુન્હોઓને શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય જે અન્વયે અમો પો.ઇન્સ.ડી.એમ.હરિપરા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ.જી.એન.વાઘેલા ડી-સ્ટાફના કર્મચારીઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કોન્સ જગદિશભાઇ વાંક તથા ભગીરથસિંહ ઝાલા નાઓની સંયુક્ત હકીકત આધારે રાજકોટ રામનાથપરા સ્મશાન ચોકથી આગળ શુલભ-શૌચાલયની દિવાલ પાસેથી બે ઇસમને ચોરીના ત્રણ મોબાઇલ ફોન સાથે પકડી પાડી સદરહું મોબાઇલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ શક પડતી મિલકત તરીકે કબ્જે કરેલ અને મજકુર બંન્ને ઇસમોને સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબના કામે ધોરણસર અટક કરેલ છે.

❖ **પકડાયેલ આરોપી:-**

(૧) હનીફ દાઉદભાઇ બાનાણી ઉ.વ.પર રહે.રામનાથપરા ભવાની નગર શેરીનં.૩ રાજકોટ

(૨) સાબીર અબ્દુલભાઇ કાલાવડીયા ઉ.વ.૨૨ રહે.બજરંગવાડી રાજીવ નગર શેરીનં.૬ રાજકોટ

**કબ્જે કરેલ મુદ્દામાલ:-**

❖ એક oppo કંપનીનો A53-S સ્કાય બ્લુ કલરનો જેના IMEI NO. 862610053211835/ 862610056211827 તે જેની કિ.રૂ.૮,૦૦૦/-

❖ POCO કંપનીનો મોબાઇલ જેના મોડેલ નં.C31 દુધિયા કલરનો IMEI NO. 864562057632337 /78 તથા 864562057632345/78 તે જેની કિ.રૂ.૧૦,૦૦૦/-

❖ રેડ-મી કંપનીનો મોબાઇલ જેના મોડેલ નં.NOTE12 બ્લુ કલરનો IMEI NO.865753061816342 તે જેની કિ.રૂ.૧૨,૦૦૦/-

કુલ મુદામાલ કિ.રૂ.૩૦,૦૦૦/-

➢ **કામગીરી કરનાર અધીકારીશ્રી તથા કર્મચારીઓ-**

પો.ઇન્સ ડી.એમ.હરિપરા તથા પો.સબ.ઇન્સ. જી.એન.વાઘેલા તથા એ.એસ.આઇ એમ.વી.લુવા તથા બી.વી.ગોહિલ તથા પો.કોન્સ ભગીરથસિંહ ઝાલા,હરપાલસિંહ જાડેજા,જગદીશભાઇ વાંક,હરવિજયસિંહ ગોહિલ તથા કેતનભાઇ બોરીચા.

તા.૨૧/૧૧/૨૦૨૩

માલવીયાનગર પોલીસ સ્ટેશન
વિશ્વેશ્વર મહાદેવ મંદીર પાસે મવડી મેઈન રોડ રાજકોટ
E mail :- polstn-malvia-raj@gujarat.gov.in
ફોન નં -૦૨૮૧-૨૩૮૦૦૪૬

# ઈ-એફ.આઈ.આર. અંતર્ગત દાખલ થયેલ મોબાઈલ ચોરીના ગુન્હાઓ શોધી કાઢતી

## માલવીયાનગર પોલીસ

મ્હે. પોલીસ કમીશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા જોઇન્ટ પોલીસ કમીશ્નર શ્રી વીધી ચૌધરી સાહેબ તથા નાયબ પો.કમી. શ્રી સુધીરકુમાર દેસાઈ સાહેબ ઝોન-૨ તથા ઈન્ચાર્જ મદદનીશ પો.કમી. શ્રી વિશાલ રબારી સાહેબ દક્ષીણ વિભાગ નાઓએ મીલકત સબંધીત તથા ચોરીના વણશોધાયેલ ગુન્હા તથા ઈ-એફ.આઈ.આર. અંતર્ગત દાખલ થયેલ ગુન્હાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય તથા મોબાઈલ ચોરીના ગુન્હાના કીસ્સાઓમાં CEIR પોર્ટલ માં મોબાઈલ ફોનના IMEI ટ્રેસીંગમાં મુકવા અને CEIR પોર્ટલ ટ્રેસેબીલીટી રીપોર્ટ આધારે વધુમાં વધુ મોબાઈલ ફોન રીકવર કરવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનુ આયોજન કરેલ હોય અને સદરહુ ડ્રાઈવ દરમ્યાન અસરકારક કામગીરી કરવા સુચના આપેલ હોય,

જે અનવ્યે અમો પો.ઇન્સ. એ.બી.જાડેજા નાઓના સીધા સુચના-માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. એમ.એસ.મહેશ્વરી તથા સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ ચોરીના બનાવમાં આરોપીને શોધી કાઢવા માટે તેઓના ખાનગી બાતમીદારો મારફતે તેમજ અગાઉ આવી એમ.ઓ. ધરાવતા પકડાયેલ આરોપીઓની વોચ તપાસમાં રહેલ તેમજ આઈ –વે પ્રોજેકટ સી.સી.ટી.વી ફુટેજ તથા બનાવવાળી જગ્યાની આજુબાજુના સી.સી.ટી.વી. ફુટેજ આધારે તથા ટેકલીકલ સોર્શીસ મારફતે અજાણ્યા આરોપીને શોધી કાઢવા માટે પ્રયત્નશીલ હતા આ દરમ્યાન આજરોજ પો.હેડ.કોન્સ યશપાલસિંહ ગોહીલ પો.કોન્સ જયદીપભાઈ અલગોતર નાઓને તેઓના ખાનગી બાતમીદાર મારફતે મળેલ ચોક્કસ હકીકત આધારે કાલાવડ રોડ કાલાવડ રોડ અંડર બ્રીજ ઉપર મહીલા કોલેજ સામેથી નીચે જણાવેલ ઈસમ શંકાસ્પદ બે મોબાઈલ ફોન સાથે મળી આવતા મજકુર ઈસમના નામ સરનામા આધારે પોકેટ કોપ મોબાઈલમાં સર્ચ કરતા ઈસમના કોઈ ગુન્હાહીત ઈતીહાસ જાણવા મળેલ નહી જેથી મજકુર ઈસમની પાસે રહેલ મોબાઈલ ફોન બાબતે યુકતિ –પ્રયુકિતથી પુછપરછ કરતા મજકુર ઈસમએ સદરહુ મોબાઈલ ફોન ચોરી કરેલ હોવાની કબુલાત આપતા મજકુર ઈસમને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

| ક્રમ | આરોપી |
|---|---|
| ૧ | ફૈજલભાઇ ઇકબાલભાઇ કુરેશી જાતે.મુસ્લીમ ઉ.વ.૨૪ ધંધો.ડ્રાઇવિંગ રહે.ધંટેશ્વર ૨૫ વારીયા કવાર્ટર, ચીથરીયા પીરની દરર્ગાહ પાછળ જામનગર રોડ રાજકોટ |

**કબ્જે કરેલ મુદામાલ**

| ક્રમ | વિગત | કિમત |
|---|---|---|
| ૧ | વન પ્લસ કંપનીનો નોર્ડ મોબાઇલ ફોન ગ્રે કલરનો જેના IMEI નંબર ૮૬૫૨૭૬૦૪૭૭૧૯૪૧૪ | ૨૦,૦૦૦/- |
| ૨ | સેમસંગ કંપનીનો મોડલ M3 જેના IMEI નંબર ૩૫૩૦૩૩૩૦૨૪૨૭૩૯૨ | ૧૩,૯૯૯/- |
| | કુલ કિમત | ૩૩,૯૯૯/- |

**શોધાયેલ ગુન્હાઓ**

(૧) રાજકોટ શહેર, માલવીયાનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.રજી.નં –૦૧૪૭/૨૦૨૩ IPC કલમ ૩૭૯ મુજબ (ફરીયાદીશ્રીએ સીટીઝન પોર્ટલ ઉપર ઈ.એફ.આર.આઈ. નોંધાવેલ છે.)

(૨) રાજકોટ શહેર, માલવીયાનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.રજી.નં –૧૦૪૨/૨૦૨૩ IPC કલમ ૩૭૯ મુજબ (ફરીયાદીશ્રીએ સીટીઝન પોર્ટલ ઉપર ઈ.એફ.આર.આઈ. નોંધાવેલ છે.)

**આ કામગીરી કરનાર અધી./કર્મચારીઓ**

પો.ઈન્સ. એ.બી.જાડેજા તથા પો.સબ.ઇન્સ. એમ.એસ.મહેશ્વરી તથા પો.હેડ.કોન્સ. અજયભાઈ વિકમા, મસરીભાઈ ભેટારીયા, રવિભાઈ નાથાણી, યશપાલસિંહ ગોહીલ તથા પો.કોન્સ. ભાવેશભાઈ ગઢવી, અંકીતભાઇ નિમાવત, રઘુવીરસિંહ જાડેજા, હરસુખભાઈ સબાડ, કૃષ્ણદેવસિંહ ઝાલા, જયદીપસિંહ જાડેજા, સંજયભાઈ બારોટ, જયદીપભાઈ અલગોતર મા.નગર પો. સ્ટે. રાજકોટ શહેર

**તા- ૨૨/૧૧/૨૦૨૩**

(એ.બી.જાડેજા)
પોલીસ ઇન્સ્પેકટર
માલવીયાનગર પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર



પ્રેસનોટ

| RAJKOT CITY CRIME BRANCH |
|---|

# નવાગામની સીમમાંથી જુગાર રમતા કુલ-૮ ઇસમોને રૂા. ૪,૦૪,૯૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડી કાર્યવાહી કરતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) શ્રી પાર્થરાજસિંહ ગોહિલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) શ્રી ભરત બી.બસીયા સાહેબ દ્વારા રાજકોટ શહેરમાં પ્રોહીબીશન તથા જુગાર ધારા મુજબના કવોલીટી કેસો શોધી કાઢવા તથા કાર્યવાહી કરવા સુચના કરેલ હોય, જે સુચના અન્વયે અમો ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેકટર બી.ટી.ગોહિલ તથા પો.સ.ઇ. એ.એન.પરમાર તથા ટીમ સતત પ્રયત્નશીલ હતા જે દરમ્યાન પો.કોન્સ. શિવભદ્રસિંહ જાડેજા તથા મોહીલરાજસિંહ ગોહિલની ચોકકસ હકીકતને આધારે નવાગામ સિમ વિસ્તાર તા.જી.રાજકોટ ખાતેથી કુલ-૮ ઇસમોને તીનપતી વડે હારજીતનો જુગાર રમતા, રોકડ રૂા.૧,૧૬,૪૦૦ તથા મોબાઇલ ફોન નંગ-૬ જેની કિ.રૂા. ૩૮,૫૦૦/- તથા મારૂતિ ઇકો ગાડી જેની કિ.રૂા. ૨,૫૦,૦૦૦/- એમ કુલ મુદામાલ રૂા. ૪,૦૪,૯૦૦/- સાથે પકડી તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યેવાહી કરવામાં આવેલ છે.

➢ પકડાયેલ ઇસમો :-

| | |
|---|---|
| ૧. | કીશન લાખાભાઇ ચાવડા જાતે-આહિર ઉવ.-૨૨ ધંધો-ખેતીકામ રહે.નવાગામ તા.જી. રાજકોટ |
| ૨. | મુકેશભાઇ ઉર્ફે મુન્નો રાયધનભાઇ છૈયા જાતે-આહીર ઉવ.૪૨ ધંધો-ખેતીકામ રહે.નવાગામ તા.જી. રાજકોટ |
| ૩. | પ્રવિણભાઇ વલ્લભભાઇ તળાવીયા જાતે-પટેલ ઉવ.૪૦ ધંધો-ઇલેકટ્રીકનો રહે.કોઠારીયા રોડ,માધવ સોસાયટી-૨, લીઝજત પાપડ ની પાછળ, રાજકોટ શહેર મુળ ગામ-રણજીતગઢ તા.જસદણ જી.રાજકોટ |
| ૪. | અશોકભાઇ શંભુભાઇ લાઠીયા જાતે-પટેલ ઉવ.૪૫ ધંધો-કારખાનું રહે.શિવ ભવાની ચોક, રાધેશ્યામ સોસાયટી-૧, કોઠારીયા રોડ,રાજકોટ |
| ૫. | રાજેશભાઇ સવશીભાઇ સાપરા જાતે-કોળી ઉવ.૩૪ ધંધો-ખેતી રહે.ભાડુઇ તા.કોટડા સાંગાણી જી.રાજકોટ |
| ૬. | અશોકભાઇ કચરાભાઇ બાંભણીયા જાતે-પટેલ ઉવ.૪૭ ધંધો-ખેતી રહે.કમળાપુર તા.જસદણ જી.રાજકોટ |
| ૭. | જીવાભાઇ કરશનભાઇ ચાવડા જાતે-આહિર ઉવ.૬૦ ધંધો-ખેતી/નિવૃત રહે. કાનપર તા.જસદણજી.રાજકોટ |
| ૮. | અજય કમાભાઇ ભુડીયા જાતે-ભરવાડ ઉવ.૩૬ ધંધો-ડ્રાયવીંગ રહે.પુનિતનગર, શેરી નં.-૧૦ પાણીના ટાંકા પાસે, રાજકોટ શહેર |

➢ કબ્જે કરેલ મુદામાલ :-

| ક્રમ | મુદ્દામાલની વિગત | કિંમત રૂ. |
|---|---|---|
| ૧. | ભારતીય ચલણની અલગ અલગ દરની નોટો | ૧,૧૬,૪૦૦/- |
| ૨. | મારૂતી સુઝુકી કંપનીની ઇકો ગાડી-૦૧ | ૨,૫૦,૦૦૦/- |
| ૩. | મોબાઇલ ફોન નંગ - ૦૬ | ૩૮,૫૦૦/- |
| ૪. | ગંજીપાના નંગ-૫૨ | ૦૦/૦૦ |
| | કુલ રૂપીયા | ૪,૦૪,૯૦૦/- |

## આરોપીઓનો ગુનાહિત ઇતિહાસઃ-

| | | |
|---|---|---|
| ૧ | અજય કમાભાઇ ભુંડીયા, ઉવ.૩૬, રહે. રાજકોટ | રાજકોટ શહેર કુવાડવા પો.સ્ટે.જુ.ધા.મુજબ ગુનો દાખલ થયેલ છે. |
| ૨ | પ્રવીણભાઇ વલ્લભભાઇ તળાવીયા ઉવ.૪૦, રહે.રાજકોટ | રાજકોટ શહેર કુવાડવા પો.સ્ટે. જુ.ધા. મુજબ ગુનો દાખલ થયેલ છે. |
| ૩ | અશોકભાઇ શંભુભાઇ લાઠીયા, ઉવ.૪૫, રહે. રાજકોટ | રાજકોટ ગ્રામ્ય શાપર પો.સ્ટે.જુ.ધા.મુજબ ગુનો દાખલ થયેલ છે |

➢ **કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઃ-**

**શ્રી બી.ટી.ગોહિલ, પોલીસ ઇન્સપેકટર, શ્રી એ.એન.પરમાર, પો. સબ ઇન્સ.**
**એ.એસ.આઇ.રાજદિપસિંહ ગોહિલ, હીતેન્દ્રસિંહ ઝાલા, હરદેવસિંહ જાડેજા, તથા પો.કોન્સ.શિવભદ્રસિંહ જાડેજા, મોહીલરાજસિંહ ગોહિલ તથા ટીમ ક્રાઇમ બ્રાન્ચ.**

**તા.૨૨/૧૧/૨૦૨૩.**

**( બી.ટી.ગોહિલ )**
**પોલીસ ઇન્સપેકટર**
**ક્રાઇમ બ્રાન્ચ,**
**રાજકોટ શહેર**






CRIME BRANCH

## રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની પ્રેસ નોટ

## ચોરીના ગુન્હામા સંડોવાયેલ ઇસમોની પોલીસ કમિશ્નરશ્રી ના આદેશ અનુસાર પાસા હેઠળ ગાંધીગ્રામ પોલીસ દ્વારા અટકાયત

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી સુધીરકુમાર દેસાઇ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો.પાર્થરાજસિંહ ગોહીલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચિમ વિભાગના શ્રી ભાર્ગવ પંડયા સાહેબના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર વિસ્તારમા ચોરીના ગુન્હાના ગુનાઓ બનતા અટકે તેમજ લોકોની જાન માલનુ રક્ષણ થાય તેવા આશયથી ગાંધીગ્રામ પો.સ્ટે.મા ઇ-ગુજકોપ મારફતે ગુનાહીત ઇતિહાસ ચકાસણી કરી મજકુર સામાવાળા ઇસમની પાસા દરખાસ્ત તૈયાર કરી મ્હે. પોલીસ કમિશ્નર સાહેબ ની કચેરી ખાતે મોકલી આપતા મજકુર ઇસમની પાસા હેઠળ અટકાયત કરવા મ્હે. પોલીસ કમિશ્નર સાહેબ શ્રી એ પાસા વોરંટ ઇસ્યુ કરતા તાબાના માણસો મારફતે સદરહુ ઇસમને પો.સ્ટે. ખાતે લઇ આવી અમોએ આજરોજ તા.૨૩/૧૧/૨૦૨૩ ના રોજ પાસા તળે અટકાયત કરી અમદાવાદ, વડોદરા તેમજ સુરત જેલ ખાતે અલગ-અલગ મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે.

આરોપીઓ- (૧) રાયધનભાઇ અમરશીભાઇ ગણેશીયા જાતે.કોળી ઉવ.૩૮ ધંધો. ભંગારનો ડેલો રહે. વીસીપરા મેઇન રોડ રમેશ રમેશ કવાટર મીલની અંદર પાણીના કારખાના પાસે મોરબી મો.ન.૯૬૩૮૫૭૮૩૪૧ (અમદાવાદ જેલ)

(૨) વિનુભાઇ દેવાભાઇ ખીટ જાતે. ભરવાડ ઉવ.૩૨ ધંધો.કડીયાકામ રહે.રેલનગર પાણીના ટાંકા સામે કોપરસીટી પાસે સીલ્વર બેકરી વાળી શેરી સરકારી આવાસ કવાટર રાજકોટ મુળ ગામ જુના બેલા તા.જી.મોરબી મો.ન.૭૦૬૯૯ ૨૦૫૨૮ (વડોદરા જેલ)

(3) વિશાલ મુકેશભાઇ જોલાપરા જાતે.સુથાર ઉવ.૩૬ ધંધો.ડ્રાઇવીંગ રહે.બજરંગ વાડી શેરી નં.૧૪ "હિંગળાજ કૃપા" મકાન રાજકોટ મો.ન.૭૨૨૭૦૬૨૮૮૮ (સુરત જેલ)




**કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી:-**

ઇ.પોલીસ ઇન્સ્પેકટર એસ.એસ.રાણે તથા પો.સબ.ઇન્સ. એન.બી.ડોડીયા તથા એ.એસ.આઇ. હિરાભાઇ રબારી, પો.કોન્સ. શક્તિસિંહ ગોહીલ, ગોપાલભાઇ પાટીલ, રોહીતભાઇ કછોટ, દિનેશભાઇ વહાણીયા, કનુભાઇ બસીયા, સુધીરભાઇ સુતરીયા, સંદીપભાઇ અવાડીયા.

તા.૨૩/૧૧/૨૦૨૩

(એસ.એસ.રાણે)
ઇ.પોલીસ ઇન્સ્પેક્ટર
ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

માલવિયાનગર પોલીસ સ્ટેશન, રાજકોટ શહેર
મવડી મેઇન રોડ, રાજકોટ **ફોન નં.**:- ૦૨૮૧-૨૩૮૦૦૪૬
**Email :-** polstn-malvia-raj@gujarat.gov.in

**"પ્રેસ નોટ"**

## ઇ-ગુજકોપ પ્રોજકટમાં આરોપીનો ગુન્હાહીત ઇતીહાસ ચેક કરી, માલવિયાનગર પોલીસ સ્ટેશન દ્વારા તૈયાર કરવામાં આવેલ "પાસા" દરખાસ્ત મંજુર કરતા મ્હે, પોલીસ કમિશ્નર સાહેબ શ્રી

મ્હે. પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી સુધીરકુમાર દેસાઇ સાહેબ તથા ઇ.મદદનીશ પોલીસ કમિશ્નર દક્ષિણ વિભાગ શ્રી વી.એમ.રબારી સા. નાઓ ના માર્ગદશન હેઠળ પ્રોહીના ગુન્હાની ટેવવાળા ઇસમો ગુન્હો કરતા અચકાય અને દારૂની બદી નેસ્તનાબુદ કરવા સારૂ પ્રોહીના ગુન્હામાં પકડાયલે ઇસમો વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરવા અંગે સુચના થયેલ હોય જેથી અમો પો.ઇન્સ. એ.બી.જાડેજા નાઓ દ્વારા આવા ઇસમો વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મ્હે, પોલીસ કમિશ્નર સાહેબ શ્રી રાજકોટ શહેર તરફ મોકલી આપવામાં આવતા મ્હે, પોલીસ કમિશ્નર સાહેબ શ્રી રાજકોટ શહેર નાઓ દ્વારા સદરહુ પાસા દરખાસ્ત મંજુર કરી પાસા વોરંટ ઇસ્યુ કરતા મજકૂર ઇસમને પાસા વોરંટની બજવણી કરી પાસા તળે અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા માટે તજવીજ કરવામાં આવેલ છે.

- પાસા અટકાયતી –

(૧) વિનય ઉર્ફે ભુરો મનસુખભાઇ ડાભી કોળી ઉવ.૨૭ રહે.ભગીરથ સોસાયટી શેરી.ન.૧૦ નો ખુણો સંત કબીર રોડ રાજકોટ તથા રંગીલા સોસાયટી પાણીના ટાંકાની સામે નવાગામ રાજકોટ

- આ કામગીરી કરનાર અધીકારીશ્રી તથા કર્મચારીઓ-

માલવિયાનગર પો.સ્ટે. પો.ઇન્સ. એ.બી.જાડેજા તથા પો.સબ ઇન્સ. એમ.એસ.મહેશ્વરી તથા પો.હેડ.કોન્સ. **મસરીભાઇ ભેટારીયા**, **દીપકભાઇ રાઠોડ**, અજયભાઇ વિકમા, પો.કોન્સ. ભાવેશભાઇ ગઢવી ,અંકિતભાઇ નિમાવત, રઘુવીરસિંહ જાડેજા, કૃષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઇ ડાંગર, વિ.

પી.સી.બી. શાખા ના પો.ઇન્સ. એમ.બી.નકુમ તથા એ.એસ.આઇ. રાજુભાઇ દહેકવાલ, પો.હેડ.કોન્સ ઇન્દ્રજીતસિંહ સીસોદીયા વિ.

**પાસા અટકાયતી :- વિનય ઉર્ફે ભુરો મનસુખભાઇ ડાભી**



(એ.બી.જાડેજા)
પોલીસ ઇન્સપેકટર
માલવિયાનગર પો.સ્ટે.
રાજકોટ શહેર

# રાજકોટ શહેર કુવાડવા રોડ પોલીસ સ્ટેશન
# પ્રેસ નોટ

**કુવાડવા રોડ પોલીસ સ્ટેશન વિસ્તારના પીપળીયા ગામ,પીપળીયા-ધમલપર રોડ,કે.બી.ઝેડ કારખાના સામેના રોડ ખાતે ગઇ તા.૧૧/૧૧/૨૦૨૩ના રોજ બનેલ ખુનના ગુન્હામાં ગુજરાતથી ફરાર થનાર આરોપીને ઓડીસા (રાજ્ય) થી પકડી**

મ્હે.પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી વીધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી સજનસિંહ પરમાર સાહેબ ઝોન-૧ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આર.એસ.બારીઆ સાહેબ ઉતર વિભાગના માર્ગદર્શન હેઠળ

કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેકટર શ્રી ડો.એલ.કે.જેઠવા ના માર્ગદર્શન હેઠળ તા.૧૧/૧૧/૨૦૨૩ ના રોજ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના પીપળીયા ગામ, પીપળીયા-ધમલપર રોડ, કે.બી.ઝેડ કારખાના સામે રોડ પાસે ખુન નો બનાવ બનેલ જે ગુનાના આરોપી ખુન કરી કેરમલી,તા.સાઇતાલા,જિ.બાલાનગીર ઓડીસા (રાજ્ય) ખાતે પોતાના વતનમાં ફરાર થઇ ગયેલ હતા. જેઓને પકડવા સારૂ પોલીસ સબ ઇન્સપેકટર જે.ડી.વસાવા તથા વિક્રમભાઇ ગરચર હેડ કોન્સટેબલ તથા સંજયભાઇ મંઢ પોલીસ કોન્સટેબલ સર્વેલન્સ સ્કોવોર્ડ નાઓની ટીમ બનાવી આરોપી પકડવા ઓડીસા ખાતે રવાના કરેલ અને ઓડીસા (રાજ્ય) ખાતે જઇ ટીમ દ્વારા આરોપીની વોચ-તપાસ કરી, હ્યુમન તથા ટેકનીકલ સોર્સીસનો ઉપયોગ કરી આરોપીની ઓળખ મેળવી, કેરમલી,તા.સાઇતાલા,જિ.બાલાનગીર ઓડીસા (રાજ્ય) ખાતેથી એક આરોપી તથા અન્ય કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પકડાયેલ તહોમતદારનું નામ અને સરનામા

(૧) ચમ્પુ દિબા માજી રહે કેરમલી,તા.સાઇતાલા,જિ.બાલાનગીર ઓડીસા (રાજ્ય)

(૨) કાયદાના સંઘર્ષમા આવેલ બાળક




આ કામગીરી કરનાર અધિકારી/કર્મચારી-

પોલીસ ઇન્સપેકટર શ્રી ડો.એલ.કે.જેઠવા તથા પોલીસ સબ ઇન્સપેકટર જે.ડી.વસાવા તથા વિક્રમભાઇ ગરચર હેડ કોન્સટેબલ તથા સંજયભાઇ મંઢ પોલીસ કોન્સટેબલ સર્વેલન્સ સ્ટાફના માણસો

(ડો.એલ.કે.જેઠવા)
પોલીસ ઇન્સપેકટર
કુવાડવા રોડ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

# PRESS NOTE

# પેરોલ ફર્લો સ્કર્વોડ
# રાજકોટ શહેર

## રાજકોટ મધ્યસ્થ જેલની પેરોલ રજા પરથી ફરાર પાકા કામની પેરોલ જમ્પ મહીલા કેદીને ગોંડલ શહેર બાયપાસ રોડ માર્કેટીંગ યાર્ડ સામેથી પકડી પાડતી પેરોલ ફર્લો સ્કર્વોડ રાજકોટ શહેર.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર સાહેબ તથા, અધિક પોલીસ કમિશ્નર સાહેબ તથા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) સા.તથા, મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) સા. રાજકોટ શહેરનાઓએ ગુજરાત રાજયના નાસતા ફરતા તથા પેરોલ જમ્પ આરોપીઓને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ હોય,

જે સુચના અન્વયે અમો પોલીસ સબ ઇન્સ્પેકટર બી.જે.કડછા તથા પેરોલ ફર્લો સ્કર્વોડ ની ટીમના માણસો સતત પ્રયત્નશીલ હતા. તે દરમ્યાન અમારી ટીમની બાતમી તથા મોબાઇલ લોકેશનના આધારે નીચે જણાવેલ પાકા કામના મહીલા ફરારી કેદીને ગોંડલ શહેર બાયપાસ રોડ માર્કેટીંગ યાર્ડ સામેથી પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે સોપી આપવા તજવીજ કરવામા આવેલ છે.

ફરાર કેદીનુ નામ સરનામુ:-

વિસ્મીતાબેન જેન્તીભાઇ વોરા ઉ.વ.૩૭ રહે કોઠારીયા સોલ્વન્ટ જય પાર્ક ની બાજુમાં રાજકોટ મુળ ગામ દાળીયા તા.ગોંડલ જી.રાજકોટ

ફરાર કેદીનો ગુનાહીત ઇતીહાસ :

રાજકોટ શહેર ભકિતનગર પો.સ્ટે I ગુ.ર.નંબર-૦૫/૨૦૦૮ આઇ.પી.સી. કલમ-૩૦૨,૧૧૪ વિ. મુજબના ગુન્હામાં કેદી રાજકોટ મધ્યસ્થ જેલ માં પાકા કામના કેદી તરીકે છે.

તા.૨૫/૧૧/૨૦૨૩

**PRESS NOTE**

# પેરોલ ફર્લો સ્કર્વોડ

# રાજકોટ શહેર

## રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનના ગેરકાયદેસર હથીયારના ના ગુન્હામાં છેલ્લા છ વર્ષથી નાસતા ફરતા આરોપીને એમ.પી. રાજયના ડુંગલાવાડી ગામ ખાતેથી પકડી પાડતો પેરોલ ફર્લો સ્કર્વોડ રાજકોટ શહેર.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર સાહેબ તથા, અધિક પોલીસ કમિશ્નર સાહેબ તથા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) તથા, મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) સાહેબ રાજકોટ નાઓ એ રાજકોટ શહેર તેમજ ગુજરાત રાજયના નાસતા ફરતા તથા પેરોલ જમ્પ આરોપીઓને શોધી કાઢી તેમજ શહેર વિસ્તારમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુન્હાઓના આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ હોય,

જે સુચના અન્વયે અમો પો.સબ.ઈન્સ. બી.જે.કડછા તથા પેરોલ ફર્લો સ્કર્વોડ ની ટીમના માણસો સતત પ્રયત્નશીલ હતા. તે દરમ્યાન અમારી ટીમની હકિકત આધારે એમ.પી. રાજય ના અલીરાજપુર જીલ્લાના ડુંગલાવાડી ગામ ખાતેથી રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે. ॥ ગુ.ર.નંબર-૫૧/૨૦૧૭ આર્મ્સ એકટ કલમ-૨૫(૧B)a મુજબના ગુન્હાના નીચે જણાવેલ આરોપીને હસ્તગત કરી આરોપીને આગળની તપાસ માટે એસ.ઓ.જી. શાખા. રાજકોટ શહેર નાઓને સોંપવા તજવીજ કરેલ છે.




**આરોપીનુ નામ સરનામુ:-**

લખન ઉર્ફે લક્ષ્મણ મગનભાઇ આદીવાસી ઉ.વ.૩૬ રહે ડુંગલાવાડી નિશ્વાસ ફળીયુ તા.ભાભર જી.અલીરાજપુર એમ.પી. રાજય

**આરોપીનો ગુન્હાહીત ઇતીહાસ :**

(૧) રાજકોટ શહેર એ.ડીવિઝન પો.સ્ટે ॥ ગુ.ર.નં-૧૬૨/૨૦૧૨ આર્મ્સ એકટ કલમ-૨૫(૧B)a

(૨) રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે. ॥ ગુ.ર.નં-૧૦/૨૦૧૬ આર્મ્સ એકટ કલમ-૨૫(૧B)a

(૩) રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે. ॥ ગુ.ર.નં-૪૭/૨૦૧૬ આર્મ્સ એકટ કલમ-૨૫(૧B)a

(૪) આણંદ જીલ્લો વાસદ પો.સ્ટે । ગુ.ર.નં-૮૩/૨૦૧૬ આઇ.પી.સી. કલમ-૩૬૫,૩૮૭,૫૦૬(૨)

(૫) ગાંધીનગર જીલ્લો ચીલોડા પો.સ્ટે ગુ.ર.નં-૧૨૯/૨૦૧૭ પ્રોહી કલમ-૬૫ઇ,૧૧૬બી,૯૮(૨)

(૬) પંચમહાલ જીલ્લો મોરવા પો.સ્ટે પ્રોહી ગુ.રનં-૨૨૦/૨૦૧૮ પ્રોહી કલમ-૬૫ઇ,૧૧૬બી,૯૮(૨)

(૭) દાહોદ જીલ્લો પીપલોદ પો.સ્ટે ગુ.ર.નં-૧૧૮૨૧૦૫૨૨૨૦૨૪૩/૨૦૨૨ પ્રોહી કલમ-૬૫ઇ,૧૧૬બી,૯૮(૨)

(૮) મજકુર આરોપીની સને ૨૦૧૨ માં પાસા તળે અટકાયત કરવામાં આવેલ છે.

**આરોપીને અટક કરવાના બાકી ગુન્હા :**

રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે. ॥ ગુ.ર.નંબર-૫૧/૨૦૧૭ આર્મ્સ એકટ કલમ-૨૫(૧B)a તા.૨૫/૧૧/૨૦૨૩

## રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની પ્રેસ નોટ

## ***રાજકોટ શહેર નિર્મળા કોન્વેન્ટ રોડ ફાયર સ્ટેશનની પાછળના ભાગેથી ચોરીમાં ગયેલ એકટીવા મો.સા. તથા એપલ મોબાઇલ ફોનની ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી કાઢતી રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ***

રાજકોટ શહેર મ્હે.પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા એડી.પોલીસ કમીશ્નર શ્રી વિધિ ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી સુધીરકુમાર દેસાઇ સા. તથા મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચીમ વિભાગ શ્રી ભાર્ગવ પંડયા સાહેબ નાઓએ સુચના કરેલ કે પો.સ્ટે વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરી અને દાખલ થયેલ ગુન્હાના આરોપીને પકડી પાડવા સુચના માર્ગદર્શન આપેલ હોય જે અનુસંધાને અમો પોલીસ ઇન્સ્પેકટર એમ.જી.વસાવા નાઓના માર્ગદર્શન હેઠળ અત્રેના પો.સ્ટે.ના ડી-સ્ટાફ પો.સબ.ઇન્સ. એન.બી.ડોડીયા તથા ડી-સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તાર માં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.કોન્સ.શક્તિસિંહ ગોહીલ તથા રોહીતભાઇ કછોટ તથા કનુભાઇ બસીયા ને સંયુકતમાં બાતમી મળેલ કે નિર્મળા કોન્વેન્ટ રોડ ફાયર સ્ટેશનની પાછળના ભાગેથી ચોરી થયેલ એકટીવા મો.સા. લઇ એક ઇસમ શિતલ પાર્ક ચોકડી થી ઉગતા પોરના મેલડી માતાના મંદીર તરફ જવાના રસ્તે ઉભેલ છે. જે ઇસમને પકડી તેની પુછપરછ કરતા પોતે સદરહું એકટીવા મો.સા. ચોરી કરેલ જે એકટીવા મો.સા.ની ડેકી માથી એક એપલ કંપનીનો મોબાઇલ ફોન મળી આવેલ હોવાની કબુલાત આપતો હોય જેથી સદરહું એકટીવા મો.સા. તથા મોબાઇલ ફોન ચોરી બાબતે તપાસ કરતા ગાંધીગ્રામ પો.સ્ટે. ગુ.ર.નં.૧૦૯૬/૨૦૨૩ આઇ.પી.સી. કલમ-૩૭૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જેથી મજકુર આરોપી વિરૂધ્ધ કાયદેશરની કાર્યવાહી કરેલ છે.

આરોપીનુ નામ સરનામુ

અમીત રમણભાઇ ભટ્ટી ઉ.વ.૨૭ રહે.કાલાવાડ રોડ આદીત્ય ૭૯ આવાસ યોજનાના કવાટર સી વિંગ ક્વાટર નં.૧૦૨ રાજકોટ



ડીટેકટ થયેલ ગુન્હો:-

ગાંધીગ્રામ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૦૩ ૨૩ ૧૦૯૬/૨૦૨૩ આઇ.પી.સી. કલમ-૩૭૯ મુજબ

કબ્જે થયેલ મુદામાલઃ-

એક એકટીવા ૩જી મો.સા. રજી નં.GJ 10 CK 3874 આશરે કિ.રૂ.૨૦,૦૦૦/- તથા એપલ કંપનીનો આઇ-ફોન-૧૩ મોડલ નો સફેદ કલરનો જેના IMEI NO.359328804189902 વાળો જેની આશરે કિ.રૂ.૪૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૬૦,૦૦૦/- નો મુદામાલ

આરોપીનો ગુન્હાહીત ઇતીહાસઃ-

ભક્તિનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૨ ૨૧ ૨૬૭૫/૨૦૨૧ જુગાર ધારા કમલ-૪,૫ મુજબ

**કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઃ-**

**પોલીસ ઇન્સ્પેકટર એમ.જી.વસાવા તથા પો.સબ.ઇન્સ. એન.બી.ડોડીયા તથા પો.કોન્સ.શક્તિસિંહ ગોહીલ તથા કનુભાઇ બસીયા તથા ગોપાલભાઇ પાટીલ તથા રોહીતભાઇ કછોટ તથા સુધીરભાઇ સુતરીયા તથા દિનેશભાઇ વહાણીયા**

**તા.૨૭/૧૧/૨૦૨૩**

**(એમ.જી.વસાવા)**
**પોલીસ ઇન્સ્પેક્ટર**
**ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન**
**રાજકોટ શહેર**

# RAJKOT CITY A DIVISION POLICE STATION

## ધોડીપાસા વતી પૈસાની હારજીતનો જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી કુલ-૨૫ ઇસમોને પકડી પાડતી એ ડીવીઝન પોલીસ

*મ્હે.મ્હે.પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ સાહેબ તથા મ્હે.અધીક પોલીસ કમિશ્નર વિધી ચૌધરી સાહેબ તથા મ્હે.નાયબ પોલીસ કમિશ્નર સુધીરકુમાર દેસાઇ સાહેબ (ઝોન-૨) તથા ઇ.ચા મદદનીશ પોલીસ કમિશ્નર વી.એમ.રબારી સાહેબ (દક્ષીણ વિભાગ)* નાઓએ દારૂ અને જુગાર ના કેશો શોધી કાઢવા અંગે અમોને સુચના કરેલ હોય જેથી અમો પોલીસ ઇન્સ્પેકટર ડી.એમ.હરીપરા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ. જી.એન.વાઘેલા ડી-સ્ટાફના કર્મચારીઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કોન્સ જગદિશભાઇ વાંક તથા ભગીરથસિંહ ઝાલા ઓને મળેલ બાતમી આધારે રાજકોટ શાસ્ત્રીમેદાન સામે એવરેસ્ટ બિલ્ડીંગ નવમા માળે ઓફિસમાં ધોડીપાસા વતી પૈસાની હારજીતનો જુગાર રમતા કુલ-૨૫ ઇસમોને પકડી ધોરણસર કાર્યવાહી કરવામા આવેલ છે.

| ગુ.ર.નં | આરોપીઓની વિગત | કબ્જે કરેલ મુદ્દામાલ |
|---|---|---|
| એ.ડીવી.પો.સ્ટે.ગુ.ર.નં ૧૧૨૦૮૦૫૦૨૩૦૯૮૨/૨૦૨૩ જુ.ધા.ક.૪,૫ મુજબ | (૧) મોસીન મહમદહુશૈન પઠાણ<br>(૨) મોસીન સલીમભાઇ મોટાણી<br>(૩) જગદીશભાઇ વિભાભાઇ રાતડીયા<br>(૪) મયુરભાઇ રમેશભાઇ બાંભવા<br>(૫)તનવીરભાઇ રફીકભાઇ શીશાંગીયા<br>(૬) અમીન ઝહુરભાઇ શીશાંગીયા<br>(૭) નૈમિષ શામજીભાઇ નોંઘણવદરા<br>(૮) અમીતભાઇ જીતેન્દ્રભાઇ સોલંકી<br>(૯) બસીર અમીનભાઇ ગરાણા<br>(૧૦) સલીમ હાજીભાઇ સુમરા<br>(૧૧) ઇમરાન સતારભાઇ મીઠાણી<br>(૧૨) અસલમ મહમદભાઇ કલર<br>(૧૩) હાજીભાઇ ઉમરભાઇ ખીરા<br>(૧૪) સોકત હુશૈનભાઇ કરગથરા<br>(૧૫) વિજય નારણભાઇ સોલંકી<br>(૧૬) ઇમ્તીયાઝ મહમદ ગરાણા<br>(૧૭)સરફરાજ અબ્દુલભાઇ દલવાણી<br>(૧૮) સીરાજ કાદરભાઇ સુમરા<br>(૧૯) ઇકબાલ કાસમભાઇ સમા<br>(૨૦) સદામ સુલતાનભાઇ સલોત<br>(૨૧) આમદ બોદુભાઇ ખીરાણી<br>(૨૨) અશ્વિનભાઇ પ્રેમજીભાઇ ગોહેલ<br>(૨૩) વિશાલભાઇ ભીખુભા રાબા<br>(૨૪) વિનોદભાઇ છગનભાઇ પ્રજાપતિ<br>(૨૫)નરોતમભાઇ હીરજીભાઇ મકવાણા | ૧)રોકડ રકમ રૂપિયા - રૂ.૨,૮૫,૨૦૦/-<br>૨)મોબાઇલ ફોન નંગ-૧ કિ.રૂ. ૫૦૦૦/-<br>૩)ધોડી પાસા નંગ-૦૨ કિ.રૂ. ૦૦/૦૦<br>કુલ મુદામાલ રૂ.૨,૯૦,૨૦૦/- |

## ગુન્હાહીત ઈતીહાસ–

❖ **મોસીન સલીમભાઇ મોટાણી ઉ.વ.૩૨ રહે.પરસાણા નગર શેરીનં.૬ રાજકોટ**

(૧) રાજકોટ શહેર માલવીયા નગર પો.સ્ટે. ગુ.ર.ન. II/0024/2018 આઇ.પી.સી. કલમ ૩૨૩,૪૨૭,૧૧૪ જી.પી.એકટ ક.–૧૩૫ મુજબ

(૨) રાજકોટ ગ્રામ્ય પડધરી પો.સ્ટે. ગુ.ર.ન.11213042220574/2022 જુગારધારા કલમ ૪,૫ મુજબ

(૩) રાજકોટ ગ્રામ્ય આટકોટ પો.સ્ટે. ગુ.ર.ન.11213092230362/2023 જુગારધારા કલમ ૧૨ મુજબ

❖ **તનવીરભાઇ રફીકભાઇ શીશાંગીયા ઉ.વ.૩૯ રહે.જંગલેશ્વર શેરીનં.૧૭ રાજકોટ**

(૧) રાજકોટ ગ્રામ્ય ભાયાવદર પો.સ્ટે. ગુ.ર.ન. 11213006200086/2020 જુગારધારા કલમ ૪,૫ મુજબ

❖ **સલીમ હાજીભાઇ સુમરા ઉ.વ.૩૫ રહે.પંચાસર રોડ મોરબી**

(૧) મોરબી તાલુકા પો.સ્ટે. ગુ.ર.ન.I/0045/2017 આઇ.પી.સી.કલમ ૧૪૩ ૧૪૭,૧૪૮,૩૨૩,૫૦૪,૩૨૪,૫૦૪,૫૦૬(૨) વિ.મુજબ

(૨) મોરબી સીટી. એ.ડીવીઝનપો.સ્ટે. ગુ.ર.ન.III/0722/2017, પ્રોહિ.કલમ ૬૬(૧)(બી)૮૫(૧)(૩)મુજબ

❖ **કામગીરી કરનાર અધીકારીશ્રી તથા કર્મચારીઓ–**

પો.ઇન્સ ડી.એમ.હરિપરા તથા પો.સબ.ઇન્સ. જી.એન.વાઘેલા તથા એ.એસ.આઇ એમ.વી.લુવા તથા બી.વી.ગોહિલ તથા પો.કોન્સ કેતનભાઇ બોરીચા, ભગીરથસિંહ ઝાલા, તથા જગદીશભાઇ વાંક તથા હરવિજયસિંહ ગોહિલ

તા.૨૯/૧૧/૨૦૨૩

# RAJKOT CITY
# CRIME BRANCH

## રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે. મા દાખલ થયેલ ખંડણી ના ગુન્હાના આરોપીઓને ગણતરી ના કલાકોમા પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) શ્રી પાર્થરાજસિંહ ગોહિલ, મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) શ્રી બી.બી.બસીયા નાઓના માર્ગદર્શન હેઠળ,

ગઇ તા.૨૫/૧૧/૨૦૨૩ ના રોજ આ કામના ફરીયાદી તથા તેના પરીવારના સભ્યો રાજકોટ શહેર પેડક રોડ, મધરલેન્ડ સ્કુલ પાસે હતા ત્યારે આ કામના આરોપીઓ એક સફેદ કલરનુ એકટીવા મો.સા. લઇ આવી છરી બતાવી જેમ-ફાવે તેમ ગાળો આપી આરોપી હુશેન સલીમ કુરેશી રહે.રાજકોટ વાળાએ કહેલ કે, અગાઉ મે તથા દેવાંગે તને ફોન કરેલ છે કે પાચ લાખ રૂપીયા આપજે તેમ છતા આજદિન સુધી તે રૂપીયા આપેલ નથી તેમ કહિ તેમજ આરોપી કિશન વાઘેલા એ ફરીયાદી ને જેમ-ફાવે તેમ ગાળો આપેલ હોય અને આરોપી હુશેન ખુરેશી એ છરી બતાવી રૂપીયા પાચ લાખ આપજે નહિતર તને મારી નાખીશુ તેવી ધમકી આપી આમ આ કામના આરોપીઓએ ફરીયાદી ને ગાળો આપી છરી બતાવી રૂપીયા પાચ લાખની ખંડણી માંગી ફરીયાદી ને સતત મૃત્યુ ના ભયમા મુકિ આરોપીઓએ ગુન્હામા એકબીજાની મદદગારી ગુન્હો કરેલ હોય જે બાબતે રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે. મા ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૧૨૩૦૯૮૨/૨૦૨૩ આઇ.પી.સી. કલમ- ૩૮૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબનો ગુન્હો દાખલ કરવામા આવેલ,

બાદ આ કામના આરોપીઓને સત્વરે પકડી પાડવા સારૂ પોલીસ કમિશ્નરશ્રી દ્વારા સુચના કરવામા આવેલ હોય જે અન્વયે અમો પો.ઇન્સ. બી.ટી.ગોહિલ ના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના એ.એસ.આઇ. બલભદ્રસિંહ જાડેજા, ભરતભાઇ વનાણી તથા પો.હેડ.કોન્સ. મહિપાલસિંહ ઝાલા, કનકસિંહ સોલંકી, સુભાષભાઇ સોંડાભાઇ તથા પો.કોન્સ. વિક્રમભાઇ લોખીલ, સહદેવસિંહ જાડેજા, મોહીલરાજસિંહ ગોહિલ નાઓને મળેલ ખાનગી હકિકત દ્વારા તથા એકત્રિત કરવામાં આવેલ ટેકનીકલ માહિતીની આધારે આ કામના આરોપીઓને ગણતરીના કલાકોમા પકડી પાડી આરોપીઓને હસ્તગત કરી રાજકોટ શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશનને સોપવા તજવીજ કરેલ છે.

- પકડાયેલ આરોપીઓના નામ સરનામા –

| | |
|---|---|
| ૧ | હુશેન સલીમભાઇ કુરેશી ઉ.વ.૨૦ રહે.ગંજીવાડા શેરી નંબર-૧૫, ભાવનગર રોડ પાસે રાજકોટ |
| ૨ | કિશન જેન્તીભાઇ વાઘેલા ઉ.વ.૨૧ રહે.ગંજીવાડા શેરી નંબર-૧૫, ભાવનગર રોડ પાસે રાજકોટ |

- પકડવા પર બાકિ રહેલ આરોપી –

| | |
|---|---|
| ૧ | દેવાંગ |

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ –

પો.ઇન્સ. શ્રી બી.ટી.ગોહિલ, એ.એસ.આઇ. બલભદ્રસિંહ જાડેજા, ભરતભાઇ વનાણી તથા પો.હેડ.કોન્સ. મહિપાલસિંહ ઝાલા, કનકસિંહ સોલંકી, સુભાષભાઇ સોંડાભાઇ તથા પો.કોન્સ. વિક્રમભાઇ લોખીલ, સહદેવસિંહ જાડેજા, મોહીલરાજસિંહ ગોહિલ

તા.૨૮/૧૧/૨૦૨૩

(બી.ટી.ગોહિલ)
પોલીસ ઇન્સ્પેકટર
ડી.સી.બી. પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

## રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની પ્રેસ નોટ

# રાજકોટ શહેર બી-ડીવીઝન પો.સ્ટે.નો ઓટો રીક્ષા ચોરીનો ગુન્હો ડીટેકટ કરતી રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ

રાજકોટ શહેર મ્હે.પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી સુધીર દેસાઇ સા. તથા મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચીમ વિભાગ શ્રી ભાર્ગવ પંડયા સાહેબ નાઓએ સુચના કરેલ કે પો.સ્ટે વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરી અને દાખલ થયેલ ગુન્હાના આરોપીને પકડી પાડવા સુચના માર્ગદર્શન આપેલ હોય જે અનુસંધાને અમો પોલીસ ઇન્સ્પેકટર એમ.જી.વસાવા નાઓના માર્ગદર્શન હેઠળ અત્રેના પો.સ્ટે.ના ડી-સ્ટાફ પો.સબ.ઇન્સ. એન.બી.ડોડીયા સાથે ડી-સ્ટાફના માણસો પો. સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.કોન્સ. શક્તિસિંહ ગોહીલ તથા રોહીતભાઇ કછોટ તથા ગોપાલભાઇ પાટીલ ને સંયુકતમાં બાતમી મળેલ કે એક ઇસમ કાળા કલરની ઓટો રીક્ષા લઇ નીર્મલા રોડ નીર્મલા કોન્વેટ સ્કુલની સામે ઉભેલ છે. જેની પાસે રહેલ ઓટો રીક્ષા ચોરી કરી મેળવેલ છે. જેથી મજકુર ઇસમને પકડી તેની પુછપરછ કરતા કોઇ સંતોષકારક જવાબ આપતો ન હોય જેથી મજકુર ઇસમની યુકતી પ્રયુકતી પુર્વક પુછપરછ કરતા મજકુર ઇસમએ સદરહું ઓટો રીક્ષા બે દિવસ અગાઉ ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલ માર્કેટીંગ યાર્ડના મેઇન ગેટની અંદર થોડે દુરથી ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ હોય જે અંગે તપાસ કરતા બી.ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૧ ૨૩ ૦૯૮૩/૨૦૨૩ આઇ.પી.સી. કલમ-૩૭૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જેથી મજકુર આરોપી વિરૂધ્ધ કાયદેશરની કાર્યવાહી કરેલ છે.

**આરોપીઓના નામ સરનામા :-**

હમીરભાઇ કરમણભાઇ કુવરીયા જાતે.દેવી પુજક ઉવ.૨૯ ધંધો.શાકભાજી વેચવાનો રહે.મચ્છોનગર કવાર્ટસ રાધે શ્યામ ગૌ-શાળાની બાજુમા ઝુપડામાં રૈયાધાર રામાપીર ચોકડી પાસે રાજકોટ

**ડીટેકટ થયેલ ગુન્હો:-**

૧૧૨૦૮૦૫૧ ૨૩ ૦૯૮૩/૨૦૨૩ આઇ.પી.સી. કલમ-૩૭૯

**કબ્જે થયેલ મુદામાલ:-**

એક નંબર પ્લેટ વગરની ઓટો રીક્ષા જેની કિ. રૂ. ૨૦,૦૦૦/- નો મુદામાલ



**કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી:-**

પોલીસ ઇન્સ્પેકટર એમ.જી.વસાવા તથા પો.સબ.ઇન્સ. એન.બી.ડોડીયા તથા પો.હેડ.કોન્સ. એચ. જે. નિનામા તથા પો. કોન્સ. શક્તિસિંહ ગોહીલ તથા રોહીતભાઇ કછોટ તથા ગોપાલભાઇ પાટીલ તથા કનુભાઇ બસીયા તથા સુધીરભાઇ સુત્તરીયા તથા દિનેશભાઇ વહાણીયા

તા.૨૯/૧૧/૨૦૨૩

(એમ.જી.વસાવા)
પોલીસ ઇન્સ્પેક્ટર
ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

# LOCAL CRIME BRANCH
# ZONE-2
# RAJKOT CITY

# મોબાઈલોની ચોરી કરનાર ઈસમને પકડી પાડતી

# લોકલ ક્રાઇમ બ્રાંચ ઝોન – ૨ રાજકોટ શહેર

રાજકોટ શહેર વિસ્તારમાં અલગ અલગ મકાનોમાંથી કોઇ અજાણ્યો ઇસમ મોબાઇલ ચોરી કરી લઇ જવાના બનાવ બનેલ હોય જે બાબતે ગુન્હાઓ નોંધાયેલ હોય જે ગુન્હાઓનો ભેદ ઉકેલવા તથા આમ નાગરિક ના જાનમાલ ને પોલીસ સુરક્ષા મળી રહે તે હેતુસર **મ્હે.પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા એડીશનલ પોલીસ કમિશનર શ્રી વીધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન–૨ શ્રી સુધિરકુમાર દેસાઇ સાહેબ** ના ઓએ સદરહું ગુન્હાના આરોપીને તાત્કાલીક પકડી પાડી અન્ડીટેક્ટ ગુન્હાઓ શોધવા માટે સુચના કરેલ હોય જે સુચના અન્વયે **અમો પો.સબ.ઈન્સ. આર એચ ઝાલા** નાઓએ શહેરના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ ના કેમેરા તથા અન્ય સી.સી.ટી.વી. ફુટેજ તેમજ હ્યુમન સોર્સ આધારે એલ.સી.બી. સ્ટાફને વોચમાં રહેવા માર્ગદર્શન આપવામાં આવેલ જે દરમ્યાન આજરોજ પેટ્રોલીંગ દરમ્યાન **પો હેડ કોન્સ હરપાલસિંહ જાડેજા તથા પો કોન્સ જેન્તીગીરી ગોસ્વામી** નાઓને હકીકત આધારે સદરહું મોબાઇલો ની ચોરી કરનાર ઇસમને ચોરીમાં ગયેલ મોબાઇલો સાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

➤ **આરોપીનું નામ:–**

(૧) બાદશાહ રમજાનભાઇ શાહમદાર ઉ.વ.૨૪ રહે– કાલીકા પ્લોટ મફતીયાપરા શાંતીપીઠ રોડ મોરબી મુળ રહે– ભવાનીનગર ઢોરે હુશેની ચોક હળવદ સીટી તા. હળવદ જી.મોરબી



➤ **કબ્જે કરેલ મુદામાલ:–**

(૧) રેડમી કંપનીનો ગ્રે કલરનો મોબાઇલ જેના આઇ.એમ.ઇ.આઇ. નંબર ૮૬૮૮૨૪૦૫૧૫૧૨૯૮૦ ના હોય જેની કિ.રૂ. ૫,૦૦૦/–

(૨) સેમસંગ કંપનીનો બ્લુ કલરનો મોબાઇલ જેના આઇ.એમ.ઇ.આઇ. નંબર ૩૫૮૧૨૯૦૯૬૦૫૪૭૧/૮ ના હોય જેની કિ.રૂ. ૫૦૦૦/–

(૩) વિવો કંપનીનો કાળા કલરનો મોબાઇલ જેના આઇ.એમ.ઇ.આઇ. નંબર ૮૬૭૮૯૭૦૬૩૭૫૬૬૭૧ ના હોય જેની કિ.રૂ. ૫૦૦૦/-

(૪) ACE કંપનીનો કાળા કલરનો કીપેડ મોબાઇલ જેના આઇ.એમ.ઇ.આઇ. નંબર ૩૫૫૭૦૪૩૫૦૨૮૦૬૮૯ ના હોય જેની કિ.રૂ. ૫૦૦/-

(૫) એલ.જી. કંપનીનો કાળા કલરનો કીપેડ મોબાઇલ જેના આઇ.એમ.ઇ.આઇ. નંબર A0000028C1050 ના હોય જેની કિ.રૂ. ૫૦૦/-

(૬) લાવા કંપનીનો સિલ્વર કલરનો એન્ડ્રોઇડ મોબાઇલ જેની કિ.રૂ. ૨૦૦૦/-

## એમ મળી કૂલ મુદામાલ કિંમત રૂપીયા - ૧૮,૦૦૦/-

### ➢ ડીટેક્ટ કરેલ ગુન્હાઓ:-

- ⇨ રાજકોટ ગાંધીગ્રામ પો. સ્ટે. ખાતે ગુ.ર.નં. ૧૧૨૦૮૦૩૫૨૩૧૧૦૧/૨૦૨૩ ઇન્ડીયન પીનલ કોડ ની કલમ ૩૮૦ મુજબ
- ⇨ રાજકોટ ગાંધીગ્રામ-૨ પો. સ્ટે. ખાતે ગુ.ર.નં. ૧૧૨૦૮૦૦૩૨૩૧૨૪૦/૨૦૨૩ ઇન્ડીયન પીનલ કોડ ની કલમ ૪૫૪,૩૮૦ મુજબ

### ➢ આરોપીનો ગુન્હાહિત પૂર્વ ઈતિહાસ:-

(૧) વાંકાનેર સીટી પો.સ્ટે. ૪૮/૨૦૧૮ આઇ.પી.સી. કલમ ૩૯૯,૩૪ તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(બી)(એ) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ

(૨) મોરબી સીટી એ ડીવી પો.સ્ટે. ૩૫૩/૨૦૨૧ પ્રોહી કલમ ૬૬-૧-બી,૮૫-૧ મુજબ

(૩) મોરબી સીટી એ ડીવી પો.સ્ટે. ૬૬૮/૨૦૨૨ આઇ પી સી ૩૭૯ મુજબ

(૪) મોરબી સીટી એ ડીવી પો.સ્ટે. ૬૬૨/૨૦૨૨ આઇ પી સી ૩૭૯ મુજબ

(૫) મોરબી સીટી એ ડીવી પો.સ્ટે. ૫૧૫/૨૦૨૧ આઇ પી સી ૩૭૯ મુજબ

(૬) મોરબી સીટી એ ડીવી પો.સ્ટે. ૫૮૯/૨૦૨૩ જી પી એક્ટ ૧૩૫ મુજબ

(૭) મોરબી સીટી એ ડીવી પો.સ્ટે. ૬૬૪/૨૦૨૨ આઇ પી સી ૨૭૯ મુજબ

(૮) મોરબી સીટી એ ડીવી પો.સ્ટે. ૬૬૫/૨૦૨૨ આઇ પી સી ૩૭૯ મુજબ

(૯) મોરબી સીટી એ ડીવી પો.સ્ટે. ૬૬૯/૨૦૨૨ આઇ પી સી ૩૭૯ મુજબ

(૧૦) મોરબી સીટી બી ડીવી પો.સ્ટે. ૫૪૪/૨૦૨૧ એમ વી એક્ટ ૧૮૧,૧૮૫ મુજબ

(૧૧) હળવદ પો.સ્ટે. ૦૦૦૨/૨૦૨૦ આઇ પી સી ૩૭૯ મુજબ

(૧૨) મોરબી તાલુકા પો.સ્ટે. ૦૦૬૯/૨૦૨૧ આઇ પી સી ૩૭૯ મુજબ

(૧૩) પ્રનગર પો. સ્ટે. ૩૦૭/૨૦૨૨ આઇ પી સી ૩૭૯ મુજબ

(૧૪) ધ્રોલ પો. સ્ટે. ૧૮૯/૨૦૨૨ આઇ પી સી ૩૭૯ મુજબ

### ➢ આ કામગીરી કરનાર અધીકારીશ્રી તથા કર્મચારીઓ-

પો.સબ.ઇન્સ આર.એચ.ઝાલા તથા પો.હેડ.કોન્સ. વીરેન્દ્રસિહ ઝાલા તથા મૌલિકભાઇ સાવલીયા તથા હરપાલસિંહ જાડેજા તથા પો. કોન્સ. જેન્તીગીરી ગોસ્વામી તથા અમિનભાઇ ભલુર તથા ધર્મરાજસિંહ ઝાલા તથા મનિષભાઇ સોઢીયા તથા જયપાલસિંહ સરવૈયા

તા. ૩૦/૧૧/૨૦૨૩

*(આર એચ ઝાલા)*
પો.સબ.ઇન્સ.
એલ.સી.બી. ઝોન-૨
રાજકોટ શહેર

# પ્રેસનોટ

| | | |
|---|---|---|
| | **RAJKOT CITY<br>CRIME BRANCH** | |

**કુબલીયાપરા સાધુસમાધી સ્મશાન પાસે નદીના કાંડે આવેલ બાવળ ની ઝાડીમાં જાહેરમાં ચાલતા જુગારના અડ્ડા ઉપર રેઇડ કરી કુલ-૨૦ ઇસમોને રોકડા રૂપીયા ૭૦,૩૦૦/- સાથે પકડી પાડતી, રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ**

**રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ, તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) ડો.પાર્થરાજસિંહ ગોહીલ સાહેબ તથા, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) ભરત બી. બસીયા સાહેબ** દ્વારા દારૂ/જુગારની બદી સદંતર નેસ્ત નાબુદ કરવા અને દારૂ/જુગારના કેસો શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય જે સુચના અન્વયે ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટરશ્રી વાય.બી.જાડેજા **નાઓ** સતત પ્રયત્નશીલ હતા. દરમ્યાન પો.સ.ઇ. એમ.જે.હુણ તથા તેની ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન **પો.કોન્સ. પ્રદિપસિંહ જાડેજા** ને મળેલ હકીકત આધારે કુબલીયાપરા સાધુસમાધી સ્મશાન પાસે નદીના કાંડે આવેલ બાવળ ની ઝાડીમાં જાહેરમાં ગંજીપતાના પાના વડે અંદર બહાર માંગ પત્તાનો પૈસાની હાર જીતનો જુગાર રમી રમતા નીચે જણાવેલ ૨૦ ઇસમોને પકડી **ડી.સી.બી.પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૫૨૩ ૦૨૫૪/૨૦૨૩ જુગાર ધારા કલમ ૧૨** મુજબથી ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

➢ આરોપીઓઃ-

(૧) વિક્રમભાઇ લાભુભાઇ રાઠોડ ઉવ.૩૫ રહે.નવા થોરાળા મેઇન રોડ, બાવાજીના સ્મશાન પાસે,
(૨) ઇકબાલ સલીમભાઇ સૈયદ ઉવ.૩૪ રહે.વિનાયકનગર, શેરી નં.-૧૬, મવડી રોડ ,રાજકોટ
(૩) પ્રકાશભાઇ નાનુભાઇ જોટાણીયા ઉવ.૫૭ રહે.લક્ષ્મીનગર-૨, ખોડીયારનગર, રાજકોટ
(૪) નરેશ જાદુભાઇ ડાભી ઉવ.૩૪ રહે. શીવાજી પરા, વીછીયા તા.વીછીયા જ.રાજકોટ
(૫) કીશન ગટુરભાઇ વાલાણી ઉવ.-૨૮ રહે.શીવાજી પરા, વીછીયા તા.વીછીયા જી.રાજકોટ
(૬) રાજેશ જાદવભાઇ શીંગાળા ઉવ.-૫૭ રહે. રામાપીર મંદિર પસે, રાજકોટ
(૭) રજાકભાઇ મામદભાઇ પીપરવાડીયા રહે. રામનાથપરા ભવાની નગર શેરી નં.૨ રાજકોટ
(૮) મહેશભાઇ જેઠાભાઇ ચાવડા ઉવ. ૪૪ રહે. નહેરૂનગર શેરી નં. ૮ આહીર ચોક રાજકોટ
(૯) પીયુષભાઇ હેમંતભાઇ પાંડવ ઉવ. ૧૯ રહે. નવલનગર શેરી નં. ૯ ખોડીયાર ડેરીની બાજુમાં રાજકોટ
(૧૦) સોહનભાઇ રવજીભાઇ મકવાણા ઉવ. ૨૪ રહે. માયાણીનગર RMC કવા. બ્લોક નં. ૧૧ કવા.નં. ૧૫૬૬ રાજકોટ
(૧૧) રાજેશભાઇ અર્જુનભાઇ સંધાણી ઉવ. ૫૬ રહે. રઘુનંદન સોસા. શેરી નં. ૫ પોપટપરા રાજકોટ
(૧૨) સુરેશભાઇ પોપટભાઇ પરમાર ઉવ. ૪૬ રહે. કુબલીયા પરા શેરી નં. ૫ રાજકોટ
(૧૩) દુષ્યંતભાઇ ઇચ્છાશંકર જાની ઉવ. ૪૮ રહે. વાણીયાવાડી શેરી નં. ૩/૧૫ જય રામનાથ મકાન રાજકોટ
(૧૪) દીલીપસીંહ બળવંતસિંહ સરવૈયા ઉવ. ૫૩ રહે. રૂડા-૨ બ્લોક નં. ૧૨૦/બી યુની.રોડ રાજકોટ
(૧૫) અજય મનસુખભાઇ સોલંકી ઉવ. ૩૧ રહે. કુબલીયા પરા નવા થોરાળા મે.રોડ
(૧૬) રાજેશભાઇ અરવીંદભાઇ હેરમાં ઉવ. ૩૯ રહે. રેલનગર છત્રપતિ આવાસ યોજના બ્લોક જી/૬૦૩ રાજકોટ
(૧૭) સુનીલ મનોજભાઇ રાઠોડ ઉવ. ૨૦ રહે. નવાથોરાળા મેઇન રોડ શેરી નં. ૧ સાધુ સમાધી રોડ રાજકોટ
(૧૮) યુસુફભાઇ મહમદભાઇ ખેડારા ઉવ. ૫૨ રહે. દેવપરા શીયાણીનગર શેરી નં. ૧ પ્રણામી ચોક રાજકોટ
(૧૯) દિનેશભાઇ લવજીભાઇ કુમરખાણીયા ઉવ. ૬૦ રહે. નવાથોરાળા મેઇન રોડ ચારબાઇ મંદીરની બાજુમાં રાજકોટ
(૨૦) ફીરોજભાઇ જસમુનભાઇ અંસારી ઉવ.૪૧ રહે. જીલ્લા ગાર્ડન સ્લમ કવા. નં. ૨૦૪ રાજકોટ

મળી આવેલ મુદામાલ

(૧) ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦
(૨) રોકડા કુલ રૂપિયા-૭૦૩૦૦/-

* <u>કામગીરી કરનાર અધીકારી તથા કર્મચારી-</u>

રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.ના પો.ઇન્સ. વાય.બી.જાડેજા, તથા પો.સ.ઇ. એમ.જે.હુણ તથા એ.એસ.આઇ ધનશ્યામભાઇ મેણીયા, પો.હે.કોન્સ. અમિતભાઇ અગ્રાવત, સંજયકુમાર રૂપાપરા, કિરતસિંહ ઝાલા, હીરેનભાઇ સોલંકી, યુવરાજસિંહ ઝાલા, દિપકભાઇ ચૌહાણ તથા પો.કોન્સ. નગીનભાઇ ડાંગર, પ્રદિપસિંહ જાડેજા, મહેશભાઇ ચાવડા, અશોકભાઇ ડાંગર, હરપાલસિંહ જાડેજા દ્વારા કામગીરી કરવામા આવેલ છે.

તા. ૨૯/૧૧/૨૦૨૩

(વાય.બી.જાડેજા)
પોલીસ ઇન્સ્પેકટર
ડી.સી.બી. પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર.

# પ્રેસનોટ

| | | |
|---|---|---|
| | **RAJKOT CITY<br>CRIME BRANCH** | |

**રાજકોટના પોષ વિસ્તાર એવા વિદ્યાકુંજ સોસા. મેઇન રોડ, ઉપર આવેલ તારીકા એપાર્ટેમેન્ટમાં છેલ્લા બે વર્ષથી ચાલતા જુગારધામ ઉપર રેઇડ કરી રોકડ રૂપીયા ૨,૦૨,૫૦૦/- તથા મોબાઇલ ફોન અને વાહનો મળી કુલ રૂ. ૧૬,૫૭,૫૦૦/- ના મુદ્દામાલ સાથે પાંચ ઇસમોને પકડી પાડતી, રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ**

**રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ, તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) ડો.પાર્થરાજસિંહ ગોહીલ સાહેબ તથા, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) ભરત બી. બસીયા સાહેબ** દ્વારા દારૂ/જુગારની બદી સદંતર નેસ્ત નાબુદ કરવા અને દારૂ/જુગારના કેસો શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય જે સુચના અન્વયે ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટરશ્રી વાય.બી.જાડેજા **નાઓ** સતત પ્રયત્નશીલ હતા. દરમ્યાન પો.સ.ઇ. એમ.જે.હુણ તથા તેની ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન **પો.સ.ઇ. એમ.જે.હુણ** ને મળેલ હકીકત આધારે વિદ્યાકુંજ સોસાયટી મેઇન રોડ, તારીકા એપાર્ટમેન્ટ બ્લોક નં. ૨૦૧ નંબરના ફલેટમાં ચાલતા જુગાર ધામ ઉપર રેઇડ કરી જુગાર રમતા ૫ ઇસમો મળી આવતા **ડી.સી.બી.પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૫૨૩ ૦૨૫૩/૨૦૨૩ જુગાર ધારા કલમ ૪,૫** મુજબથી ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

➢ આરોપીઓ:-

(૧) વલ્લભભાઇ નાથાભાઇ ભલાણી ઉવ. ૭૦ રહે. વિદ્યાકુંજ સોસા. મે.રોડ, તારીકા એપાર્ટમેન્ટ બ્લોક નં. ૨૦૧ રાજકોટ

(૨) પીનાકીનભાઇ કંચનભાઇ વાછાણી ઉવ. ૬૩ અક્ષરમાર્ગ સમર્થ ટાવર બલોક નં. ૪૨ રાજકોટ

(૩) જયેશભાઇ માવજીભાઇ વીરડીયા ઉવ. ૫૧ રહે. નાનામૌવા મેઇન રોડ, રોયલ સેલ્ટર એપાર્ટમેન્ટ, બ્લોક નં. ૨૦૧, ગાંધીસ્કુલની બાજુમાં રાજકોટ

(૪) રેતુલ ચંદ્રભાઇ શાહ ઉવ. ૬૨ રહે. પંચનાથ પ્લોટ, શરદકુંજ એપાર્ટમેન્ટ બ્લોક નં. ૧ રાજકોટ

(૫) જયંતીભાઇ જગસીંહભાઇ ઝાલા ઉવ. ૫૦ રહે. ગુલમહોર રેસીડન્સી રૈયારોડ, દર્શન પાર્કની બાજુમાં રાજકોટ

મળી આવેલ મુદામાલ

(૧) ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦

(૨) રોકડા કુલ રૂપિયા-૨,૦૨,૫૦૦/-

(૩) મોબાઇલ ફોન નંગ-૭ કિ.રૂ. ૧,૫૫,૦૦૦/-

(૪) ફોર વ્હિલ કાર નંગ-૨ કિ.રૂ. ૧૩,૦૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ. ૧૬,૫૭,૫૦૦/-

➢ કામગીરી કરનાર અધીકારી તથા કર્મચારી-

રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.ના પો.ઇન્સ. વાય.બી.જાડેજા, તથા પો.સ.ઇ. એમ.જે.હુણ તથા એ.એસ.આઇ ધનશ્યામભાઇ મેણીયા, પો.હે.કોન્સ. અમિતભાઇ અગ્રાવત, સંજયકુમાર રૂપાપરા, કિરતસિંહ ઝાલા, તથા પો.કોન્સ. નગીનભાઇ ડાંગર, પ્રદિપસિંહ જાડેજા, દ્વારા કામગીરી કરવામા આવેલ છે.

તા. ૨૯/૧૧/૨૦૨૩

(વાય.બી.જાડેજા)
પોલીસ ઇન્સ્પેકટર
ડી.સી.બી. પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર.

**પ્રેસ નોટ**

| | | |
|---|---|---|
| | "CEIR" પોર્ટલના ઉપયોગથી કુલ-૨૮ મોબાઈલ જેની કુલ કિ.રૂ. ૨,૮૦,૦૦૦/- ના શોધી કાઢતી બી ડીવીઝન પોલીસ | |

પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ નાઓની સુચનાથી તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન- ૧ શ્રી સજનસિંહ પરમાર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આર.એસ.બારીઆ સાહેબ ઉત્તર વિભાગનાઓના માર્ગદર્શન હેઠળ છેલ્લા બે માસમાં અત્રેના બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ/ચોરાયેલ મોબાઈલ ફોનની ફરિયાદો મળતી હોય છે જે ફરિયાદોને "CEIR" પોર્ટલનો ઉપયોગ કરી "CEIR" પોર્ટલમાં સતત મોનિટરીંગ કરી આવા ગુમ/ચોરાયેલ મોબાઈલ ફોનને ટ્રેકિંગ સિસ્ટમમાં મુકી મોબાઈલ ફોન ટ્રેસ કરી મોબાઈલને શોધી કાઢવામાં આવે છે. જેમાં છેલ્લા બે માસમાં "CEIR" પોર્ટલનો ઉપયોગ કરી કુલ-૨૮ મોબાઈલ ફોન "CEIR" પોર્ટલ દ્વારા શોધી રીકવર કરવામાં આવેલ છે અને મોબાઈલના માલિકોને શોધી કાઢવામાં આવેલ છે.



(આર.જી.બારોટ)
પોલીસ ઈન્સ્પેક્ટર
બી ડીવીઝન પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

**<u>પ્રેસ નોટ</u>**

| | | |
|---|---|---|
| GUJARAT POLICE | સ્કુલ/કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને અસામાજીક તત્વો દ્વારા કોઈ હેરાનગતી ન થાય તે માટે તમામ સ્કુલ/કોલેજમાં બી ડીવીઝન પોલીસ સ્ટેશન દ્વારા ફરિયાદ પેટી મુકવામાં આવેલ | GUJARAT POLICE |

**પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબની સુચનાથી તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન- ૧ શ્રી સજનસિંહ પરમાર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આર.એસ.બારીઆ સાહેબ ઉત્તર વિભાગનાઓના** માર્ગદર્શન હેઠળ સ્કુલ/કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને સ્કુલ/કોલેજમાં અથવા સ્કુલ/કોલેજની આસપાસ અસામાજીક તત્વો દ્વારા કોઈ હેરાનગતી ન થાય અને ભુતકાળમાં દિલ્હીમાં બનેલ ગેંગરેપની નિર્ભયાકાંડ જેવી ઘટનાઓ ન બને તેમજ વિદ્યાર્થીનીઓ સાથે છેડછાડ અથવા અત્યાચારની ઘટનાઓ ન બને અને નાની ઉંમરમાં છોકરીઓ ભાગી જવાના બનાવો બનતા હોય છે જે બાબતે તેઓને મહિલાને લગતા કાયદાઓની સમજ આપી તેવા ઉદ્દેશ્યથી અને આવી ઘટનાઓ બાબતે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ આવા અસામાજીક તત્વોના ડરના લીધે પોલીસ ફરિયાદ કરવાનુ ટાળતા હોય છે. જેથી આવી ઘટનાઓ અટકાવવા તેમજ આવા અસામાજીક તત્વો વિરુધ્ધ કાયદાકીય પગલા લઈ શકાય તે માટે કોઈ ફરિયાદ/રજુઆત કરવા સારૂ અત્રેના બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ કુલ-૪૦ સ્કુલ/કોલેજોના પ્રિન્સીપાલ,શિક્ષકો તેમજ શાળાના સંચાલકો સાથે મિટિંગ કરી કુલ-૪૦ સ્કુલ/કોલેજોમાં ફરિયાદ પેટી મુકવામાં આવેલ છે. જેનુ દર શનિવારે પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી તેમજ શાળાના સંચાલક દ્વારા ફરિયાદ પેટી ખોલી આવી ફરિયાદોનુ સત્વરે નિકાલ કરી વિદ્યાર્થીનીઓ સાથે છેડછાડ અથવા અત્યાચારની ઘટનાઓ અટકાવવા સારૂ બી ડીવીઝન પોલીસ સ્ટેશન દ્વારા કાર્યવાહી કરવામા આવેલ છે.

(આર.જી.બારોટ)
પોલીસ ઈન્સ્પેક્ટર
બી ડીવીઝન પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

# પ્રેસ નોટ


ફરીયાદ પેટી
બી ડીવીઝન
પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર


Smt. K.K. DHOLAKIYA SCHOOL


SATYAM PUBLIC SCHOOL


BLOSSOM






શ્રી લોકમાન્ય તિલક પ્રાથમિક શાળા નં.૪૬




શાળા સ્થાપના તા. ૨૪-૭-૨૦૦૯
રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત
શ્રી પ્રાથમિક શાળા નંબર ૧૦૦
જયપ્રકાશ નગર, ભગવતી પરા મેઈન રોડ રાજકોટ


શ્રી ગજાનંદ વિદ્યાલય

**<u>પ્રેસ નોટ</u>**

| | | |
|---|---|---|
| | **ગુમ થયેલ બાળકના વાલીને શોધી તેના પરિવારને સોપતી "બી" ડીવીઝન પોલીસ સ્ટેશન રાજકોટ શહેર** | |

આજરોજ તા:-૨૯/૧૧/૨૦૨૩ ના સાંજના સમયે એક અરજદાર કૈલાશભાઇ કરમશિભાઇ શંખાવરા ઉ.વ.૩૯ રહે-શિવધારા રેસીડેન્શી શેરી નં.૦૪ રાજકોટ વાળા પોલીસ સ્ટેશન રૂબરૂ આવી જણાવતા હોય કે તેમનો દિકરો ઓમ ઉ.વ.-૬.૫ વાળો જે માનસીક તથા બોલી શક્તો ન હોય જે સાયલક લઇને પોતાના ઘરેથી નીકળી ગયેલ છે. તેવી હકીકત આપતા અમો <u>પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.બારોટ</u> નાઓએ તુરત જ સદર બનાવની ગંભીરતા સમજી પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી સદર બાળકની શોધખોળ કરવા સુચન કરતા આ ઉપરોક્ત ટીમોએ બાળકની શોધખોળ હાથ ધરેલ દરમ્યાન આશરે બે-ત્રણ કલાકની ભારે જહેમત બાદ સદર બાળક હોસ્પીટલ ખાતેથી મળી આવેલ હોય જેથી સદર બાળક ઓમ ઉ.વ.-૬.૫ વાળા ને તેના પિતા લાશભાઇ કરમશિભાઇ શંખાવરા ઉ.વ.૩૯ રહે-શિવધારા રેસીડેન્શી શેરી નં.૦૪ રાજકોટ નાઓને સોપી આપેલ છે. અને પોલીસ પ્રજા નો મિત્ર છે તે સુત્ર સાર્થક કરેલ છે.

**<u>આ કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ:</u>**

બી ડીવી. પો.સ્ટે. પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.બારોટ તથા એ. ડીવી. પો.સ્ટે. પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એમ.હિરપરા તથા પો.કોન્સ. પંકજભાઇ માળી તથા ધનાભાઇ ભુંડીયા તથા એ. ડીવી. પો.સ્ટે. પો.સ્ટાફ પો.કોન્સ. વજુભાઇ ડાભી તથા ડ્રા.સાહીલભાઇ બોરીચા તથા એસ.આર.પી. પ્રતાપભાઇ ગઢવી તથા સ્ટાફના માણસો

તા.૨૯/૧૧/૨૦૨૩



(આર.જી.બારોટ)
પોલીસ ઈન્સ્પેક્ટર
બી ડીવીઝન પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર